ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા:૨૨/૦૪/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

..............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,ભાવનગર દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરાઈ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,ભાવનગર દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ પર્યાવરણીય સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવાના અનેકવિધ પ્રયાસો કરવામાં આવે છે.

જે અંતર્ગત ૨૨ એપ્રિલ ૨૦૧૬ ના રોજ સવારના ૯:૦૦ કલાકથી બપોરના ૧૧:૩૦ કલાક સુધી મોતીબાગ ટાઉનહોલ, ભાવનગર ખાતે " **પૃથ્વી માટે વૃક્ષો અમુલ્ય, વૃક્ષારોપણ કરીએ અતુલ્ય**" વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરી વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ચિત્ર સ્પર્ધામાં મહેમાન તરીકે શ્રી આર. આર. વ્યાસસાહેબ (પ્રાદેશિક અધિકારી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર), ડૉ.ભાવેશ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર), શ્રી અશોકભાઈ પટેલ( ચિત્ર શિક્ષક), શ્રી અમુલભાઇ પરમાર( ચિત્ર શિક્ષક) હાજર રહયા હતા. શ્રી આર. આર. વ્યાસસાહેબે પોતાના વકતવ્યમાં જણાવેલ કે ધરતીને આપણે માં માનીયે છીએ તો વિશ્વ પૃથ્વી દિવસને મધર્સ ડે તરીકે પણ મનાવવો જોઈએ. ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક સ્પર્ધકે પૃથ્વીને બચાવવા વૃક્ષોનું જતન અને તેના મહત્વને લઈલે પોતાનાં વિચારો ચિત્રો સ્વરૂપે રજુ કર્યા હતા.

ચિત્ર સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં યોજાયેલ જેમાં પ્રથમ વિભાગમાં ૧ થી ૧૩ વર્ષના બાળકો, બીજા વિભાગમાં ૧૪ થી ૨૦ વર્ષના બાળકો અને ત્રીજા વિભાગમાં ૨૧ વર્ષથી ઉપરના વ્યકતિઓ એ ભાગ લીધેલ. દરેક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવનાર વિજેતાને અનુક્રમે રૂ. ૧૦૦૦/-, રૂ.૫૦૦ /- અને રૂ.૩૦૦ રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવેલ. પ્રથમ વિભાગમાં પ્રથમ ક્રમે માંડળીયા નિસર્ગ કે., દ્વિતીય ક્રમે પટેલ માનવ અને તૃતિય ક્રમે ભાવસાર દિત્તી જે. વિજેતા થયેલ. બીજા વિભાગમાં પ્રથમ ક્રમે વેદાણી હર્ષ વાય., દ્વિતીય ક્રમે ગુપ્તા અનુશ્રી એમ. અને તૃતિય ક્રમે ગોહિલ વૈદેહી યુ. વિજેતા થયેલ. ત્રીજા વિભાગમાં પ્રથમ ક્રમે રાવલ હેતલ કે., દ્વિતીય ક્રમે કેશવાણી ઝીશાનફાતેમા એ. અને તૃતિય ક્રમે પ્રબતાણી સ્વીજલ એ. વિજેતા થયેલ.

કુલ ૨૭૦ લોકોએ વિશ્વ પૃથ્વી દિવસ નિમીતે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.